RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 284, Dt.18-2-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ સહિત ગુજરાતની પાલિકામાં 'કમળ' પુરબહારમાં ખીલ્યું

## સૌરાષ્ટ્ર–કચ્છની ૩૨ પાલિકાની ૭૮૬ બેઠકો માટે મતદારોનો જનાદેશઃ ભાજપનો ભગવો લહેરાયોઃદેવભૂમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, અમરેલી, રાજકોટ, મોરબી, કચ્છ જીલ્લાની નગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણીના પરિણામ જાહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાતની પાલિકાની બેઠકો માટે મતદાન થયા બાદ આજે મતગણતરી હાથ ધરવામાં આવતા આજે ભાજપનો ભગવો લહેરાયો છે. અને કમળ ભરપુર ખીલ્યુ છે જયારે કોંગ્રેસની બેઠકો ઘટી છે તો અમુક જગ્યાએ આમ આદમી પાર્ટી પણ ચમકી છે.

પાલિકાની ૭૮૬ બેઠકના ૨૦૫૧ ઉમેદવારોનું રવિવારે મતદારોએ ભાવી ઊટખમાં કેદ કર્યા બાદ આવતીકાલે મશીનમાંથી જનાદેશ ખૂલનાર હોય ચૂંટણીના પરિણામને લઈ ઉમેદવારોથી માંડી રાજકીય પક્ષોમાં ભારે ઉત્કંઠા સર્જાઈ છે. તેની સાથે નગરપાલિકા અને તાલુકા પંચાયતની ૩૬ બેઠકના પરિણામ પણ જાહેર થનાર છે.

રવિવારે નગરપાલિકાની ચૂંટણીનું મતદાન પુરૂ થયા બાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મોડી રાત્રે ઝોનલ રૂટ પ્રમાણે ઈવીએમને સ્ટ્રોગ રૂમમાં સીલ કરવામાં આવ્યા છે. આવતીકાલે મતગણતરી કેન્દ્ર ખાતે સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ પેપરની મતગણતરી કરવામાં આવશે. તે પછી રાઉન્ડવાઈઝ ઈવીએમની મતગણના કરવામાં આવશે.

નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ–કોંગ્રેસના ઉમેદવારોને રિપીટ કરવામાં નહી આવતા અનેક જગ્યાએ બળવો થયો છે. તો અમુક જગ્યાએ નામની જાહેરાત બાદ પક્ષ દ્વારા બીજાને મેન્ડેટ આપવામાં આવતા બન્ને ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.કુતિયાણામાં ભાજપ ટ/જ ભાજપનો જંગ છે. ભાજપ્રને સમર્થન આપનાર ધારાસભ્ય કાંધલ જાડેજા અને પાલિકાના ભાજપના પ્રમુખ ઢેલીબેન ઓડેદરા વચ્ચે ફાઈટ–ફિનીસનો જંગ ખેલાયો છે.

રાજ્યમાં પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬૬ નગરપાલિકાની સામાન્ય ૨ નગરપાલિકાની મધ્યવર્તી તથા જુનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીનું મતગણતરી ચાલી રહી છે. આ ચૂંટણીમાં પણ ભાજપનો ભવ્ય વિજય થયો છે અને કોંગ્રેસની ફરી નામોશી થઈ છે. જ્યારે બે મોટા અપસેટ થયા છે. જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર–૩માં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય થયો છે. જ્યારે જુનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડે.મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ છે.





૬૬ નગરપાલિકામાં ૬૧.૬૫ ટકા મતદાન થયું છે. જે ૨૦૧૮ની સરખામણીમાં ૩.૩૫ ટકા ઓછું છે. એકંદરે વર્ષ ૨૦૧૮માં ૭૫ નગપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ૬૫ ટકા મતદાન થયું હતું. નગરપાલિકાની ૧૮૪૪ બેઠકમાંથી ૧૬૭ બેઠક બિન હરીફ થતા ૬૬ પાલિકાઓની ૧૬૭૭ બેઠક માટે ૪૩૭૪ ઉમેદવારો માટે મતદાન થયું હતું. ૬૬ પાલિકાની ૧૬૭ બિન હરિફમાંથી ભાજપની ૧૬૨, કોંગ્રેસની ૧ અને અન્ય ૪ સીટ બિન હરીફ થઈ છે. આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા કુતિયાણા નગરપાલિકાને લઈ કાંધલ જાડેજાની તથા જેતપુર નગરપાલિકાને લઈ જયેશ રાદડિયાની રહી છે. આમ તેમના રાજકીય વર્ચસ્વની પણ પરીક્ષા છે.

# જૂનાગઢ મનપામાં ભાજપની હેટ્રીક મહાનગરપાલિકામાં ફરી ભાજપનો દબદબો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

વર્ષ ૨૦૦૩માં મ્યુનિ.કોર્પોરેશનનો દરજ્જો મળ્યા બાદ ૨૦૦૪માં ભાજપ સત્તામાં આવ્યો અને ૨૦૦૯માં કોંગ્રેસે શાસન સંભાળ્યું. જો કે, ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપે શાસનની ધુરા સંભાળી. હવે ૨૦૨૫માં પણ ભાજપની જીત થતા ત્રીજીવાર મનપા પર કબ્જો કર્યો છે.

જૂનાગઢ શહેરમાં ૩૦ વર્ષથી ગિરીશ કોટેચાનું રાજકીય વર્ચસ્વ હતું. જોકે, ભાજપે આ વખતે તેમની ટિકિટ કાપીને તેમના પુત્ર પાર્થને ટિકિટ આપી હતી. પરંતુ તેમનો પરાજય થતા કોટેચાના રાજકીય અસ્તિત્વ



સામે જ સવાલ ઉભા થયા છે. ગિરીશ કોટેચા ૧ કોંગ્રેસમાંથી ૫ વાર ભાજપમાંથી ડેપ્યુટી મેયર રહી ચૂક્યા છે. જો કે આમ હવે તેમના માટે આ સૌથી મોટો સેટબેક છે.

વોર્ડ નંબર ૬માં કોંગ્રેસ ખાતુ ખોલાવ્યું છે. ભાજપ કોંગ્રેસના બે બે ઉમેદવારોનો વિજય થયો છે. ભાજપના કુસુમબેન અકબરી અને પ્રવીણ વાઘેલાની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના લલિત પરસાણા અને જશવંતીબેન કેશવાલાની જીત થઈ છે.

જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૯ કોંગ્રેસના ઉમેદવાર મહિપતસિંહ બસીયાએ હરતાની સાથે જ કેસરિયો ધારણ કર્યો છે. પાર્થ કોટેચા સામે ચૂંટણી લડેલા મહિપતસિંહ બસીયાએ કહ્યું મેં જે ધાર્યું હતું અને મારે જે કરવું હતું તે કરી લીધું છે અને આડકરતી રીતે પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા પર નિશાન તાક્યું.

ઉલ્લેખનીય છે. કે, ૧૬ ફેબ્રુઆરીના રોજ ૪૪.૩૨ ટકા મતદાન નોંધાયું હતું.

# બેંક ડૂબે તો પણ પૈસા રહેશે સુરક્ષિત : સરકાર ડિપોઝિટ વીમા મર્યાદા વધારશે

## DICGC દરેક બેંક થાપણદારને રૂ.૫ લાખ સુધીનું વીમા કવચ પૂરૂ પાડે છે : ડિપોઝિટ વીમા મર્યાદા છેલ્લે વર્ષ ૨૦૨૦માં વધારવામાં આવી હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકાર ટૂંક સમયમાં બેંક ડિપોઝિટ વીમાની મર્યાદા વધારી શકે છે. હાલમાં, આ મર્યાદા ૫ લાખ રૂપિયા છે, પરંતુ તેને વધુ વધારવા પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ મુંબઈ સ્થિત ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેંક પર કડક પ્રતિબંધો લાદ્યા છે. બેંકના નબળા સંચાલનને ટાંકીને, છઇઈ એ તેના ડિરેક્ટર બોર્ડને ૧૨ મહિના માટે બરતરફ કર્યું અને અનેક નાણાકીય નિયંત્રણો લાદ્યા. જો સરકાર વીમા કવરની મર્યાદા વધારવાનો નિર્ણય લેશે તો તેનાથી કરોડો બેંક ગ્રાહકોને રાહત મળશે. હવે બધાની નજર સરકારની સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગના સચિવ એમ. નાગરાજુએ પણ જણાવ્યું હતું કે ડિપોઝિટ વીમાની મર્યાદા વધારવાનો વિચાર કરવામાં આવી રહયો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણની હાજરીમાં તેમણે કહયું, ડિપોઝિટ વીમા મર્યાદા વધારવાનો મુદ્દો અમારા વિચારણા હેઠળ છે. સરકાર મંજૂરી આપે કે તરત જ તેનો અમલ કરવામાં આવશે. જો કોઈ બેંક નાદાર થઈ જાય તો ડિપોઝિટ ઈન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન તમારા પૈસાનું રક્ષણ કરે છે. ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન દરેક બેંક ડિપોઝિટરને રૂ.૫ લાખ સુધીનું વીમા રક્ષણ પૂરું પાડે છે. આ કવર મુદ્દલ અને વ્યાજ બંનેને લાગુ પડે છે. આ સંસ્થા બેંકો પાસેથી પ્રીમિયમ લઈને ગ્રાહકોની થાપણોને વીમા કવચ પૂરું પાડે છે. ૨૦૨૦ માં પીએમસી બેંક કૌભાંડ પછી, સરકારે ડિપોઝિટ વીમા મર્યાદા ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરી.૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર એમ. રાજેશ્વર રાવે કહ્યું હતું કે સમય સમય પર ડિપોઝિટ




વીમાની મર્યાદા વધારવી જરૂરી છે. તેમણે કહયું કે વધતી જતી થાપણો, ફુગાવા અને આવક સ્તરમાં વધારાને ધ્યાનમાં રાખીને આ પગલું લઈ શકાય છે. ન્યૂ ઈન્ડિયા કો–ઓપરેટિવ બેંક કૌભાંડ પછી, લોકો સહકારી બેંકો વિશે પ્રશ્નો ઉઠાવી રહયા છે. આ અંગે આર્થિક બાબતોના સચિવ અજય સેઠે કહયું, ફક્ત એક બેંકમાં કૌભાંડને કારણે સમગ્ર ક્ષેત્ર પર શંકા ન કરવી જોઈએ. સહકારી બેંકા¡ RBI ની કડક દેખરેખ હેઠળ કામ કરી રહી છે.

# દેશના ટોચના ૧૦ રોકાણકારોને રૂ.૮૧,000 કરોડનું નુકસાન

## રાધાકિશન દમાણી અને ઝુનઝુનવાલા પરિવારને સૌથી મોટું નુકસાનઃ છેલ્લા પાંચ મહિનામાં સ્થાનિક શેરબજારમાં ભારે ઘટાડો

**મુખ્ય સમાચાર,મુંબઈ**

છેલ્લા પાંચ મહિનામાં સ્થાનિક શેરબજારમાં ભારે ઘટાડો થયો છે. આ ઘટાડાએ મોટા રોકાણકારોને પણ બાકાત રાખ્યા નથી. દેશના ઘણા જાણીતા રોકાણકારોને શેરના ભાવમાં ભારે ઘટાડો થયો છે. ૧ જાન્યુઆરીથી તેમના સ્ટોક પોર્ટફોલિયોના મૂલ્યમાં ૨૫%નો ઘટાડો થયો છે. જો આપણે વધુ પાછળ જઈએ તો, ૧ ઓક્ટોબરથી તેમાં ૩૦%નો ઘટાડો થયો છે. દેશના ટોચના ૧૦ વ્યકિતગત રોકાણકારોના પોર્ટફોલિયોના કુલ મૂલ્યમાં ૧ ઓક્ટોબરથી લગભગ રૂ.૮૧,૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. જોકે, કેટલાક રોકાણકારો તેમના નુકસાનને ઓછું કરવામાં સફળ રહ્યા છે. સૌથી મોટું નુકસાન ડીમાર્ટના સ્થાપક રાધાકળષ્ણ દામાનીને થયું છે. ૧ ઓક્ટોબરથી તેમની કુલ સંપત્તિમાં રૂ.૬૪,૦૦૦ કરોડ અથવા ૨૮%નો ઘટાડો થયો છે.

આ સમયગાળા દરમિયાન, દામાણીની કુલ સંપત્તિ રૂ.૨.૩૧ લાખ કરોડથી ઘટીને રૂ.૧.૬૭ લાખ કરોડ થઈ ગઈ છે. ઓક્ટોબરથી તેમની મુખ્ય કંપની એવન્યુ સુપરમાર્ટ્સના શેર ૨૭% ઘટયા છે. તેવી જ રીતે, તેમના બીજા સૌથી મોટા રોકાણ, ટ્રેન્ટના શેરમાં પણ ૩૨%નો ઘટાડો થયો છે. ૧ ઓક્ટોબરથી નિફ્ટી ૧૧% ઘટયો છે જ્યારે નિફ્ટી મિડકેપ ૧૫૦ અને નિફ્ટી સ્મોલકેપ સૂચકાંકો અનુક્રમે ૧૭% અને ૨૨% ઘટયા છે. આવું એટલા માટે થયું કારણ કે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એ રૂ.૨.૫ લાખ કરોડથી વધુ મૂલ્યના ભારતીય શેર વેચ્યા. નાની અને ઓછી કિંમતી કંપનીઓના શેરમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે, કેટલાક શેર ૩૦% થી ૮૦% સુધી ઘટયા છે.

સ્વર્ગસ્થ રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાના પરિવારના પોર્ટફોલિયોમાં ૧ ઓક્ટોબરથી ૧૯%નો ઘટાડો થયો છે. આમાં તાજેતરમાં સૂચિબદ્ધ ઈન્વેન્ટુરસ નોલેજ સોલ્યુશન્સનો સમાવેશ થતો નથી. પરિવાર તેમાં ૪૯.૫૪% હિસ્સો ધરાવે છે, જેની કિંમત રૂ.૧૪,૪૦૦ કરોડ છે. આ હોલ્ડિંગ્સ સહિત, પરિવારના પોર્ટફોલિયોનું કુલ




મૂલ્ય આશરે રૂ.૫૯,૭૦૯ કરોડ હતું. ઓક્ટોબરથી આકાશ ભણસાલીના પોર્ટફોલિયોમાં ૧૬%નો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત ફ્લોરોકેમિકલ્સનો શેર ૧૩% ઘટયો હતો જ્યારે તેમનું બીજું સૌથી મોટું રોકાણ વન ૯૭ કોમ્યુનિકેશન ૫% વધ્યું હતું.

ભૂતપૂર્વ ઈન્વેસ્ટમેન્ટ બેન્કરમાંથી ઉદ્યોગસાહસિક બનેલા હેમેન્દ્ર કોઠારીની લિસ્ટેડ કંપનીઓની સંપત્તિમાં ૨૯%નો ઘટાડો થયો છે. ૧ ઓક્ટોબરથી, તેમના બે ટોચના હોલ્ડિંગ્સ, આલ્કિલ એમાઈન્સ કેમિકલ્સ અને સોનાટા સોફ્ટવેરના શેર અનુક્રમે ૨૮% અને ૩૩% ઘટયા છે.

# કાલથી વિધાનસભાનું સત્ર શરૂ: ગુરૂવારે બજેટ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આવતીકાલે તા. ૧૯ બુધવારે પ્રારંભ થઇ રહ્યો છે. સત્ર માર્ચ ઉતરાર્ધ સુધી ચાલશે. પ્રથમ દિવસે શોકદર્શક ઠરાવ અને રાજયપાલનું પ્રવચન થશે. બજેટ સત્રની રણનીતિ ઘડવા બન્ને પક્ષો કોંગ્રેસ–ભાજપે પોતાના ધારાસભ્યોની બેઠક બોલાવી છે. સત્રના બીજા દિવસે ગુરૂવારે બપોરે રાજયના નાણામંત્રી કનુભાઇ દેસાઇ સતત ચોથી વખત બજેટ રજૂ કરશે. કોંગી ધારાસભ્યોએ અમરેલીના લેટરકાંડ, રાજકોટના ગેમઝોન અગ્નિકાંડની ફાઈલો, અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનું પ્રકરણ, નકલી



પનીર ફેકટરી વગેરે બાબતે પ્રશ્નને પૂછયા છે. આ મુદ્દે વિધાનસભા ગાજે તેવા એંધાણ છે. ભાજપના ધારાસભ્યોએ વિકાસ કામોને લગતા પ્રશ્નો પૂછયા છે. ગૃહમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી વગેરેના સભ્યો ચૂંટાયેલા છે. વિધાનસભા ભવન બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વિધાનસભાની વેબસાઈટમાં દર્શાવ્યા મુજબ નીચે મુજબના બિનસહકારી વિધેયકો રજૂ થયાનું જાણવા મળેલ છે.ધારાસભ્ય અમીત શાહનું સને ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક ૯–સન ૨૦૨૩ નું ગુજરાત પાણી પ્રદુષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક.સભ્ય પુનમચંદ બરંડાનું સન ૨૦૨૩ નું વિધેયક ક્રમાંક–૮ સન ૨૦૨૩ નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક.

# મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારના નામ પર મહોર

## ૧૯૮૮ બેચના કેરળ કેડરના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર ગયા વર્ષે માર્ચથી ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી રહયા છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રધાનમંત્રી મોદીની આગેવાની હેઠળ થયેલી બેઠકમાં નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારના નામને મંજૂરી મળી છે. હાલના મુખ્ય ચૂંટણી કમિશનર રિટાયર થયા પછી જ્ઞાનેશ કુમાર આ પદ સંભાળશે. ૧૯૮૮ બેચના કેરળ કેડરના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર ગયા વર્ષે માર્ચથી ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી રહયા છે. રાજીવ કુમાર આજે રિટાયર થઈ રહયા છે.

મુખ્ય ચૂંટણી આયુકતની નિમણૂક માટે એક પસંદગી સમિતિ દ્વારા નામ નક્કી કરવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં સોમવાર સાંજે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ગૃહ મંત્રી અમિત શાહ પણ હાજર રહયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે લાંબી કાનૂની લડત બાદ પોતાના એક નિર્ણયમાં ઈઊઈની નિમણૂક માટે પસંદગી સમિતિ માટે પદાધિકારીઓ નક્કી કર્યા હતા, જેમાં મુખ્ય ન્યાયાધીશને પણ સામેલ કરવામાં આવ્યા હતા.

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિયુકિત માટે નવા કાયદાકીય નિયમો લાગુ થવા પહેલા, બાકી રહેલા બે ચૂંટણી કમિશનરોમાંના સૌથી વરિષ્ઠને



સામાન્ય રીતે નિવૃત્ત મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુકત કરવામાં આવતા હતા. જોકે, જ્ઞાનેશ કુમાર નવી નિયુકિત પ્રક્રિયા હેઠળ નિયુકત થનાર પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા છે. વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીની હાજરીવાળી પસંદગી સમિતિએ તેમના નામને અંતિમ સ્વરૂપ આપ્યું અને રાષ્ટ્રપતિને તેની ભલામણ કરી છે.


૧૫ મે ૨૦૨૨ના રોજ ૨૫મા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કાર્યભાર સંભાળનાર રાજીવ કુમાર તેમના કાર્યકાળ દરમિયાન અનેક ઐતિહાસિક ચૂંટણીની દેખરેખ કર્યા બાદ પદ છોડશે. ૨૦૨૨માં તેમણે ૧૬મા રાષ્ટ્રપતિ અને ઉપ–રાષ્ટ્રપતિની ચૂંટણી તેમજ ૧૧ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવામાં ભૂમિકા નિભાવી હતી.

# ધો.3 થી ૮ની વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી શરુ થશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજ્યની તમામ પ્રાથમિક સ્કૂલોમાં દ્વિતીય સત્રાંત એટલે કે વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન યોજવામાં આવશે. પરીક્ષાને લઈને સમાન સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. સૌપ્રથમ ધોરણ–૩થી ૫ની પરીક્ષા ૭ એપ્રિલથી ૧૫ એપ્રિલ દરમિયાન લેવામાં આવશે. ત્યારબાદ ૧૬ એપ્રિલથી ધોરણ–૬થી ૮ની પરીક્ષા શરૂ થશે અને ૨૫ એપ્રિલના રોજ પરીક્ષા પૂર્ણ થશે. સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં સમાન કસોટીપત્રોનો અમલ કરવામાં આવશે. જ્યારે ખાનગી સ્કૂલો ઈચ્છે તો સમાન કસોટીપત્રોનો ઉપયોગ કરી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ દ્વિતીય સત્રાંત પરીક્ષા એટલે કે વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન યોજવાનો નિર્ણય કરાયો છે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક અનુસાર પરીક્ષાનું આયોજન કરવા માટે આદેશ કરાયો છે. ધોરણ–૩થી ૮ની દ્વિતીય સત્રાંત પરીક્ષા માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવેલા છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટીપત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી–શાસનાધિકારીને સોંપવામાં આવશે. પરીક્ષામાં ધોરણ–૩થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ શૈક્ષણિક આયોજન અનુસાર નવેમ્બરથી માર્ચ મહિના સુધીનો અભ્યાસક્રમ ધ્યાને



લેવાશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટીપત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલા માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે તેમજ સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ શાળા કક્ષાએથી નક્કી કરેલા સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે નિયત કરેલી રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે.

# અમદાવાદમાં ઘરફોડ ચોરીના ગુનામાં દોઢેક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઘૂંટુ ગામથી દબોચી લેતી મોરબી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલ.સી.બી.ની ટીમે અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં દોઢેક વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબીના ઘૂંટુ ગામ નજીકથી ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી ચોરાયેલ મોટરસાયકલ પણ કબ્જે કરવામાં આવી હતી. આ ઉપરાંત પકડાયેલ આરોપીએ અમદાવાદના નારોલમાં ઘરફોડ ચોરી અને ૨૦૨૩માં અંજારમાં મોટરસાયકલ ચોરી કર્યાની કબુલાત આપી હતી. મોરબી શહેર અને જીલ્લામાં અનડીટેક્ટ રહેલા ચોરીના ગુનાઓને ઉકેલવા માટે મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ મોરબી ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.પી.પંડ્યા અને તેમની ટીમ દ્વારા ચોરીના ગુનાઓની તપાસ અર્થે પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન એલસીબી ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે,



અમદવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં દોઢેક વર્ષથી નાસતો ફરતો આરોપી પુરણસિંગ લલ્લુરામ નિશાદ મોરબી તાલુકાના ઘુંટું ગામ નજીક બાપા સીતારામ ચોકડી પાસે જોવા મળ્યો છે. અને તે ત્યાં એક મોટર સાયકલ સાથે ઉભો છે. જેથી એલસીબી પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળેથી તુરંત આરોપી પુરણસિંગ લલ્લુરામ નિશાદ ઉવ.૩૨ રહે.આલ તા.જી.જાલોન થાના કોથોંદ (યુ.પી) વાળાને પકડી પાડ્યો હતો. આ સાથે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં વર્ષ ૨૦૧૮ માં પોતે તથા તેના નાના ભાઈ ગોપાલ નિશાદ એ અમદાવાદના નારોલ વિસ્તારમાં એક બંધ મકાનમાંથી ચોરી કરેલ હતી અને તેમાંથી લેપટોપ, ચાંદીની મુર્તી, રોકડા રૂપીયા તથા અન્ય ચીજવસ્તુ મળેલ હતી જે ઘરફોડ ચોરીના ગુનામાં તેનો નાનોભાઈ પકડાયેલ હોય અને પોતે આ ગુનામાં ફરાર હોય, આ સિવાય આશરે દોઢેક વર્ષ પહેલા અંજાર તાલુકાના એક ગામમાંથી મોટર સાયકલની ચોરી કરેલ હોય તેવી કબુલાત આપેલ હોય. તેની પાસેથી મળી આવેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ કચ્છના અંજારમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી. હાલ એલસીબી પોલીસે પકડાયેલ આરોપી વિશે અમદાવાદના નારોલ અને અંજાર પોલીસ મથકે જાણ કરી આગળની કાયદેસરની કાર્યવાહી સબબ આરોપીને મોરબી તાલુકા પોલીસ મથક ખાતે સોંપી આપેલ છે.

# જામનગરની ત્રણેય નગરપાલિકામાં ભગવો લહેરાયો

## ભાજપને ૨૨ બેઠક, કોંગ્રેસના ફાળે ૨ બેઠક, જામજોધપુરમાં વોર્ડ નં. ૧થી૩માં ભાજપનો વિજય

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાની ત્રણ નગરપાલિકા ધ્રોલ, કાલાવડ, જામજોધપુરની સામાન્ય ચૂંટણી તેમજ જામવંથલી તાલુકા પંચાયતની પેટા ચૂંટણીની મતગણતરી શરૂ થઈ ગઈ છે. જામજોધપુર નગરપાલિકામાં જામજોધપુર નગરપાલિકામાં ૨૮ બેઠકમાંથી ૨૭ બેઠકો ભાજપે કબજે કરી છે. જ્યારે એક બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. જેમાં વોર્ડ નં ૭ ની એક બેઠક આપના ફાળે ગઈ છે. કાલાવડ નગરપાલિકામાં મત ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. કુલ ૭ વોર્ડની ૨૮ બેઠકો પૈકી એક બેઠક ઉપર ભાજપના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા હતા. જ્યારે ૨૬ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. તેમજ ૨ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો છે. ધ્રોલ નગરપાલિકામાં કુલ ૨૪ બેઠકોનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. જેમાં ભાજપના ૧૫, કોંગ્રેસને ૮ જ્યારે અપક્ષના ફાળે એક બેઠક ગઈ છે.

ધ્રોલ નગરપાલિકાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે જેમાં ૧૫ બેઠકો ભાજપના ફાળે આઠ બેઠકો કોંગ્રેસના ફાળે અને એક બેઠક અપક્ષના ફાળે ગઈ છે.

જામજોધપુર નગરપાલિકામાં ૨૮ બેઠકમાંથી ૨૭ બેઠકો ભાજપે કબજે કરી છે. જ્યારે એક બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. જેમાં વોર્ડ નં ૭ ની એક બેઠક આપના ફાળે ગઈ છે.કાલાવડ નગરપાલિકામાં મત ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. કુલ ૭ વોર્ડની ૨૮ બેઠકો પૈકી એક બેઠક ઉપર ભાજપના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા હતા. જ્યારે ૨૬ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. તેમજ ૨ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો છે.

ત્રણેય પાલિકાના ૨૩૨ તેમજ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીના ૨ ઉમેદવાર મળી કુલ ૨૩૪ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો થશે. ત્યારે હાલ ધ્રોલના વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો છે. જ્યારે ધ્રોલ પાલિકામાં વોર્ડ નંબર ૨માં કોંગ્રેસે ખાતુ ખોલાવ્યું છે. જામજોધપુર નગરપાલિકા વોર્ડ નંબર ૧,૨ અને ૩માં ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો છે, તમામ ૪ ઉમેદવારનો વિજય થયો છે જેથી ઉત્સાહ છવાયો છે. જામનગર જિલ્લાની તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૧૪ જામવંથલીની બેઠક ઉપર ભાજપનો વિજય થયો છે.

જામજોધપુર નગરપાલિકામાં વોર્ડ નંબર ૧ થી ૩ માં ભાજપની પેનલ વિજેતા થયા છે. ધ્રોલ નગરપાલિકામાં કોંગ્રેસે ખાતુ ખોલાવ્યું, વોર્ડ નંબર ૨માં એક બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર અનિલ પરમારનો ૩૧ મતે વિજય

૧૬ ફેબ્રુઆરીએ પાલિકાનું તેમજ તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં જામજોધપુરમાં ૫૮.૧૨ %, ધ્રોલમાં ૬૮.૦૫ %, કાલાવડમાં ૬૩.૧૬માં % મતદાન નોંધાયું હતું. જ્યારે જામવંથલીમાં ૪૩.૯૪ % મતદાન નોંધાયું હતું. ઉમેદવારોની



વાત કરીએ તો ધ્રોલમાં ૮૫, કાલાવડમાં ૬૭, જામજોધપુરમાં ૮૦ અને જામવંથલીમાં ૨ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે.

મતગણતરી માટે ચાર અલગ-અલગ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. ધ્રોલ નગરપાલિકાની મતગણતરી પ્રાંત અધિકારીની કચેરીના બીજા માળે મીટિંગ હોલમાં, કાલાવડ નગરપાલિકાની મતગણતરી મ્યુનિસિપલ હાઈસ્કૂલના રૂમ નંબર ૩માં, જામજોધપુર નગરપાલિકાની મતગણતરી એવીડીએસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના મધ્યસ્થ ખંડમાં અને જામવંથલી તાલુકા પંચાયતની મતગણતરી મહેસૂલ સેવા સદન જામનગરના બીજા માળે મીટિંગ હોલમાં યોજાશે.

નોંધનીય છે કે, કાલાવડ નગરપાલિકામાં વોર્ડ નંબર ૨માં ભાજપના ઉમેદવાર કાવ્યા મોહિતભાઈ મહેતા બિનહરીફ ચૂંટાયા છે. જ્યારે ધ્રોલ નગરપાલિકામાં વોર્ડ નંબર ૭ના ઉમેદવાર દશરથસિંહ જાડેજાના અવસાનને કારણે આ વોર્ડની ચૂંટણી રદ કરવામાં આવી હતી.

# મોરબી જીલ્લામાં ત્રણ શાળા-કોલેજોમાં ડ્રગ્સ અવેરનેશ કાર્યક્રમોનું આયોજન કરાયું

## શિક્ષણ વિભાગ સાથે એસ.ઓ.જી. પોલીસ ટીમ દ્વારા વિદ્યાર્થીઓમાં ડ્રગ્સ પ્રત્યે જાગૃતિ લાવવા કાર્યક્રમ યોજાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં ડ્રગ્સની જાગૃતિ માટે પોલીસ અને શિક્ષણ વિભાગે મળીને ડ્રગ્સ અવેરનેશ કાર્યક્રમ યોજ્યો હતો. મોરબી, ટંકારા અને વાંકાનેરની ત્રણ શાળા-કોલેજોમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૩૭ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત S.O.Gટીમના અધિકારીઓએ ડ્રગ્સના પ્રભાવ અને નુકસાન અંગે માહિતગાર કર્યા હતા. મોરબી જીલ્લામાં ડ્રગ્સની વિરુદ્ધ જાગૃતિ ફેલાવવા માટે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ ખાસ અવેરનેશ કાર્યક્રમો યોજાયા હતા, અગાઉ ગઈ તા. ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મોરબી જીલ્લા ગઈઘઈઉ કમિટીની મિટિંગમાં જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ડ્રગ્સ બાબતે જાગૃતિ લાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી. તે અન્વયે, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મોરબી, ટંકારા અને વાંકાનેરની ત્રણ શાળા-કોલેજોમાં ડ્રગ્સ અવેરનેશ માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત (૧) નેસ્ટ-કે-ટ્રેલ વિદ્યાલય, મોરબી (૨) એમ.પી. દોશી વિદ્યાલય, ટંકારા (૩) ધ ફૈઝ બ્રાઈટ સ્કૂલ, વાંકાનેર ખાતે S.O.G. ટીમના અધિકારીઓ અને શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને ડ્રગ્સના હાનિકારક અસર વિશે માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓને ડ્રગ્સની ઉત્પત્તિ, તેના ઉપયોગના ગંભીર પ્રભાવો અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે જાણકારી આપવા માટે S.O.G ટીમ દ્વારા PowerPoint Presentation મારફતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ, જો કોઈને ડ્રગ્સ અંગે કોઈ માહિતી મળે તો તે લગત એજન્સીને કેવી રીતે જાણ કરવી, તે અંગે પણ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં કુલ ૨૩૭ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સાથે જ, શાળાના આચાર્યો, શિક્ષકો અને S.O.G ટીમના અધિકારીઓએ પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી, તેમને ડ્રગ્સ પ્રત્યે સજાગ રહેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.



# ઉત્કૃષ્ટ આધુનિક સારવારની નેમ સાથે મોરબીમાં શ્રેયસ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનો પ્રારંભ

## મોરબી શનાળા રોડ ખાતે શ્રેયસ યુરોકેર એન્ડ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનો ભવ્ય આરંભ




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના આરોગ્યક્ષેત્રમાં એક નવું અધ્યાય ઉમેરાતા શનાળા રોડ, મોરબી ખાતે શ્રેયસ યુરોકેર એન્ડ સુપરસ્પેશ્યલિટી હોસ્પિટલનો પ્રારંભ થયો છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કરસન ઘાવરી અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની ઉપસ્થિતિમાં આ હોસ્પિટલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે. મોરબીના જાણીતા ડોક્ટર્સ ડો. જયંતીભાઈ ભાડેસીયા, ડો. આર.એમ. ભૂત, ડો. અમિત ગામી અને ડો. સંજય રૂપારેલિયાની દૂર્ધર્શી દ્રષ્ટિ અને સમર્પણથી આ પ્રોજેક્ટ સાકાર થયો છે. શ્રેયસ હોસ્પિટલમાં યુરોલોજી, ગેસ્ટ્રોલોજી, હેર ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર સર્જરી, બેરિયાટ્રિક (વજન ઘટાડવાની) સર્જરી સહિત અનેક સુપર સ્પેશ્યાલિટી સેવાઓ ઉપલબ્ધ રહેશે.

મોરબીના શનાળા રોડ ખાતે શ્રેયસ યુરોકર એન્ડ સુપરસ્પેશ્યલિટી હોસ્પિટલનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે પ્રખ્યાત ભૂતપૂર્વ ઈન્ડિયન ક્રિકેટર કરસન ઘાવરી દ્વારા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે. શ્રેયસ હોસ્પિટલ, એ મોરબીના ખ્યાતનામ ડોક્ટર્સ એવા ડો. જયંતીભાઈ ભાડેસીયા, ડો. આર. એમ. ભૂત, ડો. અમિત ગામી અને ડો. સંજય રૂપારેલિયાના દૂરદષ્ટિનું પરિણામ છે. આ હોસ્પિટલમાં સુપરસ્પેશ્યલિટી ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન, નિદાન અને આધુનિક ઓપેરશનની સારવાર આપવામાં આવશે. યુરોલોજી વિભાગમાં કિડનીમાં થતી પથરી, રસી, કેન્સર, પ્રોસ્ટેટની તકલીફો અને પુરુષ વ્યંધ્યત્વની સારવાર માટે ડો.પ્રતિક શાહ, ડો.પાર્થરાજસિંહ જાડેજા, ડો.નરેશ સાપરીયા અને ડો.યશ ટીલાળાની સેવાઓ મળશે. યુરોલોજિસ્ટ ટીમ અત્યાધુનિક એંડોસ્કોપિક અને લેપરોસકોપી સર્જરીના નિષ્ણાંત છે.

આ ઉપરાંત વાળ-ટાલની બીમારી માટે હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો.ઓમદેવસિંહ ગોહિલ દ્વારા સારવાર મળશે. શ્રેયસ હોસ્પિટલ ખાતે ગેસ્ટ્રોલોજી, ગેસ્ટ્રોસર્જરી, પ્લાસ્ટિક સર્જરી, પિડિયાટ્રિક સર્જરી, કેન્સર સર્જરી, બેરિયાટ્રિક સર્જરી(વજન ઘટાડવાની સર્જરી) ના એક્સપર્ટ અને અનુભવી ડોક્ટર્સની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. શ્રેયસ હોસ્પિટલના આ સાહસમાં રાજકોટની ગોકુલ હોસ્પિટલ, ગિરિરાજ હોસ્પિટલ, સ્ટર્લિંગ હોસ્પિટલ અને નારાયણી હોસ્પિટલ તેમજ ભુજની એકોર્ડ હોસ્પિટલનો સહયોગ સાંપડેલ છે.

# જેતપુરમાં બંધ મકાનમાંની ૮.૧૪ લાખની ચોરી કરનાર ત્રણ શખ્સોની ધરપકડ

- ઉદ્યોગનગર પોલીસે બાઈક, દાગીના સહિત ૧.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુરના જૂના રાજકોટ રોડ દાતાર તકીયા સામેની ગલીમાં બંધ મકાનમાં ગઈ તા.૨૧/૧૦/૨૪ થી તા.૨૩/૧૦/૨૪ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે આ રહેણાંક મકાનમાં પ્રવેશ કરી, કબાટની તીજોરીમાંથી સોનાના અલગ અલગ દાગીના તથા રોકડ રૂપિયા ૪૭,૦૦૦ મળી કુલ મુદામાલ રૂ.૮,૧૪,૫૭૦ ચોરી કરી હતી. આ અંગે અજાણ્યા આરોપીઓ વિરૂદ્ધ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો દાખલ થયેલ હતો. જેમાં જુદી જુદી ટીમોએ ગુનો શોધી કાઢવા અલગ અલગ દીશામાં હ્યુમન સોર્સ તથા ટેક્નીકલ સોર્સની મદદથી ખાનગી રાહે મળેલ હકીકત આધારે જેતપુર, નવાગઢ, જુના પશુ દવાખાના પાસેથી ચોરીમાં ઉપયોગ કરેલ બાઈક સાથે બે શખ્સને ઝડપી લેવાયા હતા. આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓએ આ સિવાય જેતપુર સિટી પોલીસના જેતપુર, અમરનગર રોડ ઉપર વેકરીયા નગર ખાતે ચોરી કરેલની કબુલાત આપેલ હતી.ચોરીનો માલ રાજકોટ ખાતે એક સોનીને આપેલ હોવાની કબુલાત આપેલ હોઈ જેથી તાત્કાલીક સોનીની ધરપકડ કરી તેની પાસેથી એક સોનાનો ઢાળીયો (લગડી) વજન ૧૫.૨૮૦ ગ્રામ કિ. રૂ.૧,૦૫,૦૦૦ કબજે કરી, ત્રણેય ઈસમના રીમાન્ડ લેવા તજવીજ કરેલ હતી. પકડાયેલ આરોપીઓમાં અલ્ફાઝ ઉર્ફે ભોલો યુનુસભાઈ ભટ્ટી, સુરેશ ઉર્ફે સુરો અશોકભાઈ ગાવડીયા રાજેશ ઉર્ફે રાજુ રમેશ ભટીની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેશ સામે અગાઉ રાજકોટ, ભાવનગર, મોરબી, ભરૂચ, અમદાવાદ ગ્રામ્ય સાણંદ, જેતપુર સિટી પોલીસ મથકે ચોરી, હત્યા સહિતના મળી ૯ ગુના નોંધાયેલ છે. જ્યારે રાજકોટના સોની વેપારી રાજુ સામે રાજકોટમાં ચોરી, છેતરપીંડીના બે ગુના છે. આરોપીઓ રેકી કરી બંધ મકાનોને ટાર્ગેટ કરી ચોરી કરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બાઈક, દોઢ ફૂટની મોટી ડીસમીસ, એક લોખંડનો આશરે સવા ફુટનો સળીયો (ગણેશીયુ), ચાંદીના પાટલા નંગ-૨, ચાંદીના સીક્કા નંગ-૨, ચાંદીના સાંકળાની જોડી નંગ-૨, એક ચાંદીની જાંજરી જોડી નંગ-૧, એક સોનાનો ઢાળીયો જેનું વજન ૧૫.૨૮૦ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં સિમેન્ટનો મિક્સર ટ્રક નીચે દબાઈ જતાં એન્જિનિયરનું કરુણ મોત

- અન્ય એક શ્રમિકને ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયો : ત્રણ ક્રેઈનથી ટ્રક બહાર કઢાયો



**મુખ્ય સમાચાર,ભાવનગર**

ભાવનગર શહેરના ઘોઘા રોડ સ્થિત લીંબડીયું વિસ્તારમાં આજે વહેલી સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક કન્સ્ટ્રક્શન સાઈટ પર સિમેન્ટ-કોંક્રિટ મિક્સર ટ્રક સિમેન્ટ, રેતી અને કપચીનું મિશ્રણ ખાલી કરી રહ્યો હતો ત્યારે અચાનક પોચી જમીનમાં ફસાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં સાઈટ પર કામ કરી રહેલા બે શ્રમજીવીઓ મિક્સર નીચે દબાઈ ગયા હતા. જેમાંથી એકનું સારવાર દરમિયાન મોત થયું છે.

બનાવની જાણ થતાં બી ડિવિઝન પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ કામગીરીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડે ત્રણ હેવી ડયુટી ક્રેન મંગાવી હતી. સલામતીના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડના જવાનોએ અથાગ પ્રયત્નો બાદ મિક્સર ટ્રકને બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બંને શ્રમજીવીઓને તાત્કાલિક સર ટી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જોકે, સારવાર દરમિયાન સાઈટ એન્જિનિયર હિરેનભાઈ મહેતાનું મોત થયું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્રિત થયા હતા. પોલીસે આ અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે.

# યુવાન પર પાંચેક શખ્સ દ્વારા તિક્ષણ હથિયારથી કરાયો હુમલો

જામનગરના ભીમવાસ પાસે એક યુવાન પર ચારથી પાંચ શખ્સોએ ધારદાર હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. દોડી આવેલી ૧૦૮માં ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસે તેનું નિવેદન નોંધવાની તજવીજ કરી છે. જામનગરના જૂના રેલવે સ્ટેશન નજીક આવેલા ભીમવાસ પાસે માનવ વઘોરા નામના એક યુવાન પર કોઈ કારણથી ચાર પાંચ જેટલા શખ્સોએ તિક્ષણ હથિયાર વડે હુમલો કરી તેને ગંભીર ઈજા પહોંચાડી હતી. આ વેળાએ મચેલી નાસભાગ વચ્ચે કોઈએ પોલીસ તથા ૧૦૮ને જાણ કરતા બંને દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસ પહોંચે તે પહેલાં હુમલાખોરો સ્થળ પરથી નાસી ગયા હતા. પોલીસે ગુન્હો નોંધવાની તજવીજ કરી છે.

# ચંગા પાસે દુકાનમાંથી દેશી દારૂ ઝડપાયોઃ સપ્લાયરનું નામ ખૂલ્યું

જામનગરના લાલપુર બાયપાસ પાસે નીલગીરી ગોળાઈમાંથી એક શખ્સ દારૂની બોટલ સાથે પકડાયો છે. નાંદુરી ચોકડી નજીકથી ભોજાબેડીના શખ્સને બે બોટલ સાથે પકડી લેવાયો છે. ચંગામાં આવેલી દુકાનમાંથી ૧૦ લીટર દેશી દારૂ કબજે કરાયો છે. દુકાનદારે સપ્લાયરનું નામ આપ્યું છે.જામનગરથી લાલપુર તરફ જવાના રોડ પર આવેલા દરેડ ગામ પાસેની નીલગીરી ગોળાઈમાંથી પસાર થતાં દરેડના દ્વારકેશ દર્શન-૨ વિસ્તારમાં રહેતા જયદીપગીરી પંકજગીરી ગોસ્વામી નામના શખ્સને પોલીસે શકના આધારે રોકાવી તેની તલાસી લેતા આ શખ્સ પાસેથી ઈંગ્લીશ દારૂની એક બોટલ મળી આવી હતી.લાલપુર શહેરના નાંદુરી ચોકડી પાસેથી જઈ રહેલા જામજોધપુર તાલુકાના ભોજાબેડી ગામના સંજય નારણભાઈ વાઘેલા નામના શખ્સને પેટ્રોલિંગ કરી રહેલા લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે રોકી ચેક કરતા તેની પાસેથી દારૂની બે બોટલ મળી આવી હતી.જામનગર-લાલપુર ધોરી માર્ગ પર ચંગા ગામ પાસે વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી દરેડના મુળજીભાઈ કરશનભાઈ સગરની દુકાનમાં પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી ૧૦ લીટર દેશી દારૂ કબજે કર્યો છે. આ શખ્સે દરેડના યુવરાજ દરબાર નામના શખ્સ પાસેથી દારૂ લીધો હોવાની કબૂલાત કરી છે.

# જામનગરમાં યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો, કર્યો આપઘાતનો પ્રયાસ

જામનગરમાં યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો, કર્યો આપઘાતનો પ્રયાસ.જામનગર શહેરના પટણીવાડ વિસ્તારમાં રહેતો ઈમ્તિયાઝ આરબ નામનો યુવાન વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાઈ ગયો છે, અને આખરે તેમાંથી મુક્તિ મેળવવા માટે યુવકે ઝેરી દવા પી લીધી છે. આ ઘટના બાદ યુવકને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ, તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ઈમ્તિયાઝ આરબ ઘણા સમયથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે કેટલાક વ્યાજખોરો પાસેથી નાણાં ઉછીના લીધા હતા. જોકે, વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોવાથી તે સતત માનસિક તાણ અનુભવી રહ્યો હતો. આખરે કંટાળીને તેણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવા સુઈસાઈડ નો પ્રયાસ કર્યો હતો.આ ઘટનાની જાણ થતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને પોલીસ દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી, આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધવા માટેની તજવીજ હાથ ધરાઈ છે.

# ટંકારાના સજનપર ગામે વાડીની ઓરડીમાંથી ૪૦ બોટલ દારૂ પકડાયો

ટંકારા પોલીસ ટીમે બાતમીને આધારે = સજનપર ગામની સીમમાં જડેશ્વર રોડ ઉપર આવેલ વાડીની ઓરડીમાં રેઈડ - કરી વિદેશી દારૂની નાની મોટી ૪૦ નંગ બોટલ ઝડપી લેવામાં આવી હતી. - આ સાથે રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી - ટંકારા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી - અનુસાર, ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે - બાતમી મળેલ કે સજનપર ગામની સીમમાં જડેશ્વર રોડ ઉપર આવેલ વાડીની -ઓરડીમાં રહેતો દિવલ ઉર્ફે દીવાન મૂળ દાહોદ જીલ્લાવાળો પાસ પરમીટ કે - આધાર વગર વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું છૂટક વેચાણ કરતો હોય જે - મુજબની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે ટંકારા પોલીસે રેઈડ કરતા - વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂ ગોવા સ્પિરિટ વહીસ્કી ૭૫૦મીલી.ની ૨૫ - બોટલ તથા લંડન પ્રાઈડ વ્હિસ્કી ૧૮૦મીલી.ની ૧૫ બોટલ એમ કુલ નાની મોટી ૪૦ નંગ બોટલ કિ.રૂ. ૯,૦૦૦/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો, આ - સાથે આરોપી દિવલ ઉર્ફે દીવાન વરસીંગ મૈડા રહે. હાલ સજનપર વાડીની -ઓરડીમાં મૂળરહે. ખાલટા કાચલા ફળીયું તા.ગરબડી જી.દાહોદવાળો રેઈડ દરમિયાન હાજર નહીં મળી આવતા તેને ફરાર જાહેર કર્યો છે.

# ચોટીલા નેશનલ હાઈવે પર આવેલ ચામુંડા ધર્મશાળા પાસેથી અજાણ્યા યુવકની લાશ મળી



**(અહેવાલ : મોહસીનખાન પઠાણ)**

ચોટીલા નેશનલ હાઈવે પર આવેલ શ્રી ચામુંડા અતિથિ ગૃહ પાસે આજે સવારે એક અજાણ્યો માણસ ધૂળમાં સૂતો હોવાની માહિતી મળતા ચોટીલા પોલીસે સ્થળ તપાસ કરતા આ યુવાન મૃત હોવાનું જાણવા મળ્યું હતું. આ યુવાનનો પહેરવેશ અને ચહેરો જોતા તે ગોધરા અથવા મધ્ય પ્રદેશનો હોવાની શંકા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ યુવાન છેલ્લા ૨ દિવસથી અહીંયા આસ પાસમાં કોઈ નસો કરીને રખડતો હતો. ચોટીલા પોલીસે યુવાનની લાશને ચોટીલા રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જઈને આગળની કાર્યવાહી કરી હતી.

# વિદેશી દારૂના વેપલા સાથે સંડોવાયેલા દ્વારકાના બે શખ્સોને પાસા તળે ધકેલાયા

- એલસીબી પોલીસ દ્વારા વોરંટની બજવણી કરાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાબુદ બની રહે તે હેતુથી જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીમાં કાયદાનું અવારનવાર ઉલ્લંઘન કરતા શખ્સો સામે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દ્વારકા વિસ્તારમાં ગુનાહિત ઈતિહાસ કરાવતા શખ્સો અંગેની માહિતી એકત્ર કરી અને અસરકારક્તાપૂર્વક પાસાની દરખાસ્ત તૈયાર કરવાની જવાબદારી એલસીબી વિભાગને સોંપવામાં આવી છે.

જે અંતર્ગત એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા વિદેશી દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા દ્વારકાના ભીમપરા ગામના મૂળ રહીશ અને હાલ નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા મુરુભા ઉર્ફે મોડભા મેરૂભા માણેક (ઉ.વ. ૨૧) અને આ જ વિસ્તારમાં રહેતા કરણ ઉર્ફે કનુ ટપુભા સુમણીયા (ઉ.વ. ૨૪) નામના બે શખ્સો સામે પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરાવી અને દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર આર.એમ. તન્ના સમક્ષ મૂકવામાં આવતા પાસાની આ દરખાસ્ત મંજુર કરી અને અટકાયતી વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. જેથી પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તેમજ ટીમ દ્વારા વોરંટની બજવણી કરી અને આરોપી મુરુભા માણેકને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે તેમજ અન્ય આરોપી કરણ ઉર્ફે કનુ સુમણીયાને વડોદરાની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. ગોહિલ સાથે ટીમના બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, બલભદ્રસિંહ ગોહિલ, અરજણભાઈ સોનગરા, પીઠાભાઈ, લાખાભાઈ, સચિનભાઈ તેમજ ડેપ્યુટી મામલતદાર નિલેશભાઈ કરમુરની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ૪૨ વર્ષથી અવિરત સેવાકાર્યો કરતા સરગમ પરિવારના સભ્ય બનવાની સોનેરી તક

## સામાજિક, સાંસ્કુતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં સરગમી સેવાનો ચાલી રહ્યો છે યજ્ઞ :૧ માર્ચથી સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં છેલ્લા ૪૨ વર્ષથી કાર્યરત સેવાભાવી સંસ્થા સરગમ કલબના સભ્ય બનીને આખુ વર્ષ વિવિધ કાર્યક્રમો માણવાની સોનેરી તક રાજકોટવાસીઓ માટે આવી છે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મંત્રી મૌલેશભાઈ ઉકાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ છે કે, પહેલી એપ્રિલથી સરગમ કલબનું નવું વર્ષ શરુ થશે અને એ પહેલા ૧/૦૩/૨૫ થી ૩૧/૦૩/૨૫ સુધી સભ્ય નોંધણી થશે. ગત વર્ષે સરગમ પરિવારમાં ૧૫ હજારથી વધુ મેમ્બરો નોંધાયા હતા અને આ વખતે સંખ્યામાં વધારો થશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી.

ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે કે, સરગમ કલબની સ્થાપનાના ૪૨ વર્ષ પુરા થયા છે અને અને હજુ આવનારા વરસો સુધી તેની વિવિધ ક્ષેત્રની સેવાકીય પ્રવૃતિઓ ચાલુ રહેવાની છે. સરગમ કલબ શહેરમાં વિવિધ પ્રકલ્પોનું સંચાલન કરે છે. ગુજરાત રાજ્યના યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા નિર્મિત હેમુ ગઢવી હોલનું સંચાલન છેલ્લા ૨૫ વર્ષથી કરે છે, આ ઉપરાંત મહાનગરપાલિકા નિર્મિત રામનાથપરા મુક્તિધામનું સંચાલન ૩૦ વર્ષથી, મહાનગરપાલિકા નિર્મિત ઈન્ડોર સ્ટેડીયમનું સંચાલન ૧૫ વર્ષથી અને કલેકટર તંત્ર દ્વારા નિર્મિત ઈવનિંગ પોસ્ટનું સંચાલન ૧૦ વર્ષથી કરે છે. છેલ્લા ૧૮ વર્ષથી જયપુર ફૂટનો દર મહીને કેમ્પ પણ યોજવામાં આવે છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું છે કે, રાજકોટમાં સરગમ પરિવારના સભ્ય હોવું એ એક ગૌરવ ગણાય છે અને તેથી જ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો સભ્ય તરીકે નોંધાય છે. આ વરસે પણ સરગમ પરિવારના સભ્ય બનવા માટે જાહેરાત કરવામાં આવી છે.

ચિલ્ડ્રન કલબ :- સરગમ ચિલ્ડ્રન કલબની ફી એક વર્ષના ૫૦૦ રૂપિયા છે અને વર્ષના ૧૦ કાર્યક્રમો જેમાં વોટર પાર્ક અને ફનવર્લ્ડની પીકનીક ઉપરાંત જાદુ શો અને ફિલ્મ શો જેવા કાર્યક્રમો માણવા મળશે.

લેડીઝ કલબ :- લેડીઝ કલબમા જોડાવા માટે એક વર્ષની ફી ૬૫૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

સિનિયર સીટીઝન :-સિનીયર સિટીઝન કલબનાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી ૭૫૦ છે જયારે કપલ ફી ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

કપલ કલબ :- કપલ કલબના સભ્ય બનવા માટે એક વર્ષની ફી ( બે વ્યક્તિ) ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

જેન્ટ્સ કલબ:જેન્ટ્સ કલબની એક વર્ષની ફી ૭૫૦ રૂપિયા છે એક વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે. સભ્ય બનવા માટેના ફોર્મ તા. ૧/૩/૨૫ થી ૩૧/૩/૨૫ સુધી ભરવામાં આવશે. આ ફોર્મ જાગનાથ મંદિર ચોકમાં આવેલી સરગમ કલબની ઓફિસે ભરવાના રહેશે. રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે અને દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે. સિનિયર સીટીઝન ઈવનીંગ પોસ્ટ ની ઓફિસ છઉઈ બેંક ની બાજુ માં, સિનિયર સીટીઝન પાર્ક, ઝૂબેલી ગાર્ડનની સામેનો રોડ, રાજકોટ.ઈવનીંગ પોસ્ટ મેમ્બરશીપ નુ ફોમ ભરીને ત્યાં જ આપવાનું રહેશે જેની નોંધ લેવી.



પત્રકાર-પરિષદમાં ગુણવંતભાઈ ડેલાવાળા, મૌલેશભાઈ ઉકાણી, અરવિંદભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, સ્મિતભાઈ પટેલ, ખોડીદાસભાઈ પટેલ, યોગેશભાઈ પુજારા, નાથાભાઈ કાલરીયા, જગદીશભાઈ ડોબરિયા, લલીતભાઈ રામજીયાણી, રાકેશભાઈ પોપટ, જયેશભાઈ વસા, શિવલાલભાઈ રામાણી, જીતુભાઈ ચંદારાણા, વિનોદભાઈ પંજાબી, હરેશભાઈ વોરા, મીતેનભાઈ મહેતા, તેજસભાઈ ભટ્ટી, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, રમેશભાઈ અકબરી, રાજભા ગોહિલ, મનસુખભાઈ મકવાણા, ઉપરાંત ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, જસુમતીબેન વસાણી, સુધાબેન ભાયા, અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, છાયાબેન દવે, અલ્કાબેન ધામેલીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# એક્સટર્નલના ૨૦૧૦થી ૨૦૧૮ સુધીના છાત્રોને પાસ થવાની વધુ એક તક અપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એક્સટર્નલમાં અભ્યાસ કરતા ૨૦૧૦થી ૨૦૧૮ સુધીના વિદ્યાર્થીઓને પાસ થવાની વધુ એક તક સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દદ્વયારા આપવામાં આવી છે. ફોર્મ ભરવાનો પ્રારંભ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન થયો છે. જેમાં તા. ૨૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જણાવ્યા મુજબ બીકોમ બી.એ માં સેમેસ્ટર ૧ થી ૬ મા અને એમએ એમકોમમાં સેમેસ્ટર એક થી ચારમાં ૨૦૧૦ થી ૨૦૧૮ દરમિયાન કોઈ વિષયમાં નાપાસ થયા હોય તો તેવા વિદ્યાર્થીઓને ડિગ્રી મળે તે માટે છેલ્લી તક છે. આગામી તારીખ ૨૮ સુધી આ માટેના ફોર્મ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન કરી શકાશે. આવા વિદ્યાર્થીઓની પરીક્ષા મોટા ભાગે તો રાજકોટ કેન્દ્રમાં જ લેવામાં આવશે અને ઓનલાઈન ફોર્મ ભર્યા પછી ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે ઓફિસ બિલ્ડિંગમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આવા વિદ્યાર્થીઓએ બારી નંબર ચારમાં રૂબરૂમાં આવીને ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવા પડશે.

ફોર્મની સંખ્યાના આધારે સેન્ટરોની સંખ્યા નક્કી કરવામાં આવશે. પરીક્ષાની તારીખો હજી જાહેર કરવામાં આવી નથી પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ માર્ચ મહિનામાં આ પરીક્ષા લેવામાં આવશે. બી એ બી કોમના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રુ. ૪૮૫ અને એમ એ એમ કોમ ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂપિયા ૮૫૦ નક્કી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ થોડા સમય પહેલા એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની નોંધણી શરૂ કરી હતી પરંતુ તેમાં ખાસ સફળતા મળી નથી. હવે ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીના એક્ટરનલ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટે આયોજન જાહેર કરવામાં આવ્યું છે. તેમાં કેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ નોંધાય છે તે જોવાનું રહે છે.




# રાજકોટ ડિવી. સ્પોર્ટસ એસો. દ્વારા DRM ટ્રોફી-૨૦૨૫નું સફળતાપૂર્વક આયોજનઃ એન્જિનિયરિંગ ની ટીમ બની ચેમ્પિયન

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ ડિવિઝનલ સ્પોર્ટ્સ એસોસિએશનએ તાજેતરમાં ડિવિઝનમાં કાર્યરત રેલ્વે કર્મચારીઓ માટે રમતગમત પ્રવૃત્તિઓ માટે DRM ટ્રોફી-૨૦૨૫ નું સફળતાપૂર્વક આયોજન કર્યું. આ અંતર્ગત, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન રેલવે ના વિવિધ વિભાગોની ટીમો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ક્રિકેટ, ફૂટબોલ, એથ્લેટિક્સ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, વોલીબોલ અને ચેસની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓના પરિણામો પોઈન્ટ ટેબલ મુજબ રજૂ કરવામાં આવ્યા હતા અને દરેક રમતગમત સ્પર્ધામાં પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાન મેળવનારાઓને ટ્રોફી/મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. એન્જિનિયરિંગ અને ઓપરેટિંગ વિભાગની ટીમો વચ્ચે ફાઈનલ ક્રિકેટ મેચ રમાઈ હતી જેમાં એન્જિનિયરિંગ ટીમ વિજયી બની હતી અને DRM ટ્રોફી-૨૦૨૫ ની ચેમ્પિયન બની હતી. ઓપરેટિંગ વિભાગની ટીમ રનર અપ બની. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રાજકોટના રેલ્વે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આયોજિત ઈનામ વિતરણ સમારોહમાં રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર દ્વારા વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત, આ સ્પર્ધાઓમાં સારું પ્રદર્શન કરનાર ખેલાડીઓને સ્મૃતિચિહ્નો અને મેડલ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડીઆરએમ શ્રી અશ્વિની કુમારે તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતુંકે, રેલવે કર્મચારીઓએ પોતાની ફરજની સાથે રમતગમતમાં પણ રસ લેવો જોઈએ અને પોતાને સ્વસ્થ રાખવા જોઈએ. આ ટુર્નામેન્ટનું આયોજન રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારના માર્ગદર્શન હેઠળ RDSA દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠનના પ્રમુખ શ્રીમતી રંજના સિંહ, ઉપપ્રમુખ શ્રીમતી મમતા ચૌબે, એડીઆરએમ શ્રી કૌશલ કુમાર ચૌબે, વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ, ટ્રેડ યુનિયનના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેલાડીઓ હાજર રહ્યા હતા.

# રાજકોટ સહિત રાજ્યના ૫૭૬ PSIની PIની બઢતી માટે પસંદગી

- પીઆઈની બઢતી પાત્ર પીએસઆઈની વિગતો પોલીસના વહિવટી વિભાગે મંગાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના અલગ અલગ શહેર અને જિલ્લામાં ફરજ બજાવતા ૫૭૬ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવા માટે પોલીસના વહીવટી વિભાગે પસંદગી પ્રક્રિયા શરૂ કરી છે. અને પીઆઈની બઢતી તરીકે પસંદગી પામનાર ૫૭૬ પીએસઆઈની ખાતાકીય માહિતી મંગાવવામાં આવી છે. અને આ સપ્તાહના અંત સુધી આ પસંદગીની યાદીમાંથી ૨૫૦થી વધુ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવામાં આવશે. પીઆઈ તરીકેની બઢતીની પસંદગીની યાદીમાં રાજકોટ શહેરના ૧૦ અને ગ્રામ્યના ૧૫ પીએસઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ રાજ્યના પોલીસ વિભાગમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવનાર અને છેલ્લા ૧૦ વર્ષથી પીએસઆઈ તરીકે ફરજ બજાવતા જેટલા પીએસઆઈને ખાતાકીય પીઆઈ તરીકેની બઢતી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પોલીસના વહીવટી વિભાગના વડા ખુરશીદ અહેમદ દ્વારા પીએસઆઈમાંથી પીઆઈ તરીકે પાત્રતા ધરાવતા ૫૭૬ પીએસઆઈની બઢતી માટેની પસંદગીની યાદી જાહેર કરાવમાં આવી છે. અને આ યાદી સાથે હાલ રાજયના અલગ અલગ પોલીસ મથકમાં અને શહેર જિલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈ સામે કોઈ ખાતાકીય તપાસ કે, અન્ય કોઈ તપાસ ચાલુ છે કે કેમ તે સહિતની માહિતી મંગાવવામાં આવી છે અને આ માહિતી મળ્યા બાદ ટુંક સમયમાં જ સંભવત સપ્તાહના અંત સુધીમાં આ ૫૭૬માંથી ૨૫૦થી વધુ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવામાં આવશે. અલગ અલગ શહેર અને જિલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈની પીઆઈ તરીકેની બઢતીની પસંદગીની યાદીમાં રાજકોટ શહેરના ૧૦નો સમાવેશ થાય છે

જેમાં ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે. હુણ, એએન પરમાર, એસએસ ગરચર ઉપરાંત પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ જે.જી. રાણા, સી.એમ કુંભાણી, જે.આઈ પરમાર, પી.જી. રોહડિયા, જે. વી. બોરીસાગર, એસ.ડી. કારેણા, એ.જે. લાઠિયા, એન.વી. હરિયાણીનો સમાવેશ થાય છે. જ્યારે જિલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈ કે જેઓ પીઆઈની બઢતીની પસંદગીની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં એમ.એચ. યાદવ, આર.એ. જાડેજા, કે.જી. પરમાર, વી.સી. પરમાર, કેજે. સથવારા, વી.એમ. ડોડિયા, જે.એ. ખાચર, આર.એસ. સાકરિયા, આઈએમ સરવૈયા, કે.એસ. ગરચર, એસ.વી. ગરચર, કે.એમ. ચાવડા, જે.એસ. સિસોદિયા, જી.જે ઝાલા અને ડી.આર. ચૌધરીનો સમાવેશ થાય છે.

# પાયલ હોસ્પિટલમાં સમાજની બહેન દીકરીઓના સન્માનને ઠેસ પહોંચાડનાર સામે કડક પગલાં ભરવામાં આવે : તુષિત પાણેરી




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ના દોઢસો ફૂટ રીંગ રોડ પર આવેલ પાયલ હોસ્પિટલ મા આવતા મહિલા દર્દીઓ ના ઈંજકશન લેતા , પ્રસૂતિ કરાવતા હોવાના તેમજ રેગ્યુલર ચેકઅપ ના સેંકડો વિડિયો યુટ્યુબ ચેનલ પર ટેલીગ્રામ પર તેમજ અન્ય ઓનલાઈન માધ્યમો મા ફરતા થતા ચકચાર મચી જવા પામી છે .

માનસિક વિકૃતિ ધરાવતા પિશાચો ના આવા અધમ કૃત્ય થી સમગ્ર ગુજરાત મા નારી સન્માન સુરક્ષા અને નારી ની ગોપનીયતા પર શરમજનક સવાલ ઉત્પન્ન થયા છે , હોસ્પિટલ ના કન્સલ્ટિંગ રૂમ મા સીસીટીવી કેમેરા લગાવવા અને આ રીતે ઓનલાઈન માધ્યમો પર આવા વિડિયો અપલોડ થાય ત્યારે એ તમામ મહિલાઓ ના પરિવારજનો પર શું વિતી હશે તેનો અંદાજ પણ આપણે લગાવી શકીએ નહિ . . આ પરિસ્થિતિ મા રાજકોટ કોંગ્રેસના અગ્રણી તુષિત પાણેરી એ જણાવ્યું કે કોંગ્રેસ પક્ષ નો હોદ્દેદાર હોવા છતા કોઈ રાજકીય નિવેદન કે દોષા રોપણ નથી કરતો પોલીસ તંત્ર અને સરકાર પાસે માંગણી કરું છું કે કે ઓનલાઈન માધ્યમો પર ૯૯૯/- રૂપિયા મા આપણી બહેન દીકરીઓ ના મેડિકલ હેલ્થ ચેકઅપ ના વિડિયો લીક કરનારાઓની રાજકોટ ની ઊભી બજાર મા નિર્વસ્ત્ર પરેડ સરકાર અને પોલીસ પ્રશાસન કાઢે.

# રાજકોટ જિલ્લાના ટોલનાકા પર સીસીટીવી લગાવવા અને ડેટા બેકઅપ જાળવવા અંગે સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય, જિલ્લામાં અન્ય રાજયમાંથી કે અન્ય જિલ્લામાંથી કે દેશ બહારથી આવતા ત્રાસવાદી કે અસામાજિક તત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુનાઓ થતા અટકાવવા માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર- રાજકોટ પર ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામ પાસે,ગોંડલ તાલુકાના ભરૂડી ગામ પાસે,જેતપુર તાલુકાના પીઠડીયા ગામ પાસે, રાજ્ય ધોરીમાર્ગ રાજકોટ-જામનગર-વાડીનાર પર પડધરી તાલુકાના વણપરી ગામ પાસે કાર્યરત ટોલ નાકા સહિત તમામ નવા ટોલનાકા પરના વાહનોના પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તેમજ આવા વાહન અને વાહન ચાલકોના ફોટોગ્રાફ્સ પણ લઈ ડેટાબેઝમાં જાળવવા માટે ટોલનાકા તેમજ ટોલના સર્વિસ રોડ પરથી પસાર થતાં તમામ વાહનોના નંબર પ્લેટ અને વાહન ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સીસીટીવી કેમેરા ગોઠવી ટોલનાકામાંથી પસાર થતા તમામ વાહનોનું રેકોર્ડિંગ કરવા અને સંપૂર્ણ વિગતોની નોંધણી કરવા અને નિયત માપદંડો ધરાવતા કેમેરા લગાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી રાજકોટ એ.કે.ગૌતમ દ્વારા હુકમ કરવામા આવેલ છે.



ઉપરાંત સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હાઓ અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે ઉપરના પેટ્રોલપંપ, હોટલો, સિનેમાહોલ, મોટા મંદિરો, સાયબરકાફે, જવેલર્સની દુકાનો અને હોસ્ટેલો ઉપર સ્થાનિક માલિકો/સંચાલકો દ્વારા બિલ્ડીંગની અંદર અને બહાર જાહેર રોડને કવર કરે તે રીતે સારી કવોલીટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આવા સીસીટીવી કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફિનેશનમાં રાખવા, પૂરતી સંખ્યાના કેમેરા રાખી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે તેવી રીતે ગોઠવવા. આવા ડિજિટલ રેકોર્ડિંગ તેમજ કોમ્પ્યુટર નોંધણીનો ડેટા બેકઅપ ૨૦ દિવસ સુધીનો જાળવી રાખવા અને સલામતી વિષયક બાબતોએ પોલીસ સહિતની કોઈપણ એજન્સી આવા ડેટાની માગણી કરે તો ત્વરાએ ઉપલબ્ધ કરાવવા જાહેરનામા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મુંબઈ-રાજકોટના હવાઈ યાત્રીઓ સાવધાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના હીરાસર સ્થિત ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આજે (૧૭ ફેબ્રુઆરી) સવારે ગાઢ ધુમ્મસ છવાતા રનવે પર ઝીરો વિઝિબિલિટીનાં લીધે મુંબઈથી રાજકોટ આવી રહેલી મુંબઈની બે ફલાઈટોને અમદાવાદ ડાયવર્ટ કરાઈ હતી. પરિણામે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આગામી ૪૮ કલાક ગાઢ ધુમ્મસની આગાહી હોવાથી હજુપણ બે દિવસ મુંબઈથી રાજકોટ આવતા અને રાજકોટથી મુંબઈ જતા મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ હોવાથી ચેતવાની જરૂર છે.

પ્રાપ્ત વિગત મુજબ, ઈન્ટરનેશનલ એરપોર્ટનાં નવા ટર્મિનલ અને એર ટ્રાફિક કંટ્રોલમાં શિયાળાની ઋતુમાં ઝીરો વિઝિબિલિટીમાં પણ ફલાઈટ લેન્ડીંગ-ટેકઓફ થઈ શકે તેવી સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. છતાં આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસનાં લીધે સવારની એર ઈન્ડિયા અને ઈન્ડિગોની રાજકોટ-મુંબઈ લેન્ડીંગ નહીં થતા એરપોર્ટ વિસ્તારમાં ચક્કર કાપી આખરે આ બન્ને ફલાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. જેમાં અઈઈ ૬૫૯ નંબરની એર ઈન્ડિયાની મુંબઈથી રાજકોટ ૭.૫૫ વાગ્યે આવતી ફ્લાઈટ અને ઈંશ્રઘ્ઠ ૬૧૩૩ નંબરની ઈન્ડિગોની મુંબઈથી રાજકોટ ૮.૩૫ વાગ્યાની ફ્લાઈટ અમદાવાદ ડાઈવર્ટ કરાતા મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી.

સોમવારે મુંબઈથી રાજકોટ અને રાજકોટથી મુંબઈ જતા પ્રવાસીઓ સમયસર પહોંચી શકયા ન હતા. પણ વાતાવરણ સ્વચ્છ થતા બંને ફલાઈટો અમદાવાદથી રવાના કરવામાં આવી હતી. ત્યાં સુધી મુસાફરોને એરપોર્ટ ખાતે અઢી-ત્રણ કલાકનો સમય ટર્મિનલમાં જ વિતાવવાની ફરજ પડી હતી. હવામાન વિભાગ દ્વારા હજુપણ આગામી ૪૮ કલાક દરમિયાન સવારના સમયે ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. ત્યારે બે દિવસ સુધી રાજકોટથી મુંબઈ જવા ઈચ્છુક અને મુંબઈથી રાજકોટ આવતા મુસાફરોએ હાલાકી ભોગવવી પડે તેવી પૂરતી શક્યતા છે.




ઉલ્લેખનીય છે કે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ, ગોવા, પુણે, બેંગલોર સહિત ૧૧ ફ્લાઈટ ઉડાન ભરે છે. જોકે આજે ગાઢ ધુમ્મસનાં કારણે અઈઈ ૬૫૯ નંબરની એર ઈન્ડિયાની મુંબઈથી રાજકોટ ૭.૫૫ વાગ્યે આવતી ફ્લાઈટ અને ઈંશ્રઘ્ઠ ૬૧૩૩ નંબરની ઈન્ડિગોની મુંબઈથી રાજકોટ ૮.૩૫ વાગ્યાની ફ્લાઈટ અમદાવાદ ડાઈવર્ટ કરવામાં આવી હતી. બાદમાં વાતાવરણ સ્વચ્છ થતા આ ફ્લાઈટોને રવાના કરવામાં આવી હતી.

# બેડી ચોકડી પાસે ટ્રક ડ્રાઈવરને છરી બતાવી લુંટ ચલાવનાર નામચીન શખ્સ ઝડપાયો

## પરપ્રાંતીય શ્રમિકનું છરીની અણીએ અપહરણ કરી થયેલ લૂંટનો ભેદ ઉકેલાયોઃ માલીયાસણ પાસે પોલીસથી બચવા જતા કાર દીવાલ સાથે અથડાઈ અને કૂખ્યાત હિસ્ટ્રીશીટર દબોચાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગાંધીધામથી બાબરા જવા નીકળેલા પરપ્રાંતીય ટ્રક ડ્રાયવરને બેડી ચોકડી પાસે આંતરી છરીની અણીએ અપહરણ કરી કારમાં ફેરવી તેના મોબાઈલમાંથી ૧૬ હજાર ઓનલાઈન ડેરી સંચાલકને ટ્રાન્સફર કરી રોકડા કરી નાસી છુટેલ કુખ્યાત હિસ્ટ્રીશીટર માલીયાસણ પાસે પોલીસથી બચવા જતા કાર દીવાલ સાથે અથડાતા પોલીસે દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

મૂળ બિહારનો સત્યેન્દ્ર જીતેન પાલ ગઈકાલે ગાંધીધામથી બાબરા કોટન ફેક્ટરીમાં માલ ભરવા ટ્રક લઈને નીકળ્યો હતો દરમિયાન બેડી ચોકડી પાસે બ્લેક કલરની નંબરની વરના કારના ચાલકે કાર આડી નાખી તે મારી કારમાં નુકશાન કર્યું છે તેમ કહી છરીની અણીએ અપહરણ કરી કારમાં બેસાડી દીધો હતો અને મારકૂટ કરી દોઢેક કલાક સુધી કારમાં ફેરવી પૈસા હોય તે આપી દે તેમ કહી ધમકાવ્યો હતો અને ૧૬ હજારની લૂંટ ચલાવી મોબાઈલ અને ચાવી પરત આપી શખ્સ ભાગી ગયો હતો જે માલીયાસણ ચોકડી પાસે પોલીસને જોઈ ભાગવા જતા દીવાલ સાથે કાર અથડાતા પોલીસે દબોચી લીધો હતો બી ડીવીઝનના ક્રિપાલસિહ જાડેજા સહિતે આરોપીનો કબજો લઈ તપાસ શરુ કરી હતી દરમિયાન આ પકડાયેલ શખ્સ કુખ્યાત હિસ્ટ્રીશીટર હુડકો ચોકડી પાસે આવાસ ક્વાટરમાં રહેતો ઈમરાન ઉર્ફે ઈમલો હાસમભાઈ કાદરી ઉ.૨૪ હોવાનું જાણવા મળ્યું હતું તેણે ડ્રાયવર પાસે કોઈ રોકડ નહિ મળતા મોબાઈલમાં ૧૬,૨૦૦ બેલેન્સ હોય જેથી સંતકબીર રોડ પર નકળંગ ડેરીમાં જઈ ઈમરજન્સી છે



હું ઓનલાઈન પૈસા આપું મને રોકડા આપો ને કહી ત્યાંથી ૧૬ હજાર લીધા હોવાની કબુલાત આપી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

